ગુજરાત મુલ્કી સેવા, મામલતદાર સંવર્ગ,
વર્ગ-૨માં પુન:સ્થાપિત કરવા બાબત
શ્રી ચિંતન હરિભાઇ વૈષ્ણવ
**(MCA NO. 975 OF 2023 in LPA 1517/2022 in SCA 7047/2019)**

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

હુકમ ક્રમાંક:RD/PMS/CourtCase/15/2023/6479/D

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૦/૦૭/૦૨૦૨૩

વંચાણે લીધા:

૧. મહેસૂલ વિભાગના તા.૦૨.૦૩.૨૦૧૯નો હુકમ ક્રમાંક:એપીટી-૧૨૨૦૧૧-૭૬૫(૪૯)-ડી

૨. નામ. ગુજરાત હાઈકોર્ટના SCA No. 7047/2019 ના તા.૦૪.૦૪.૨૦૨૨ નો ચુકાદો

૩. નામ. ગુજરાત હાઈકોર્ટના LPA No. 1517/2022 ના તા..૨૯.૦૪.૨૦૨૩ નો ચુકાદો

<u>પ્રસ્તાવના:</u>

મહેસૂલ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમ-૧ થી શ્રી ચિંતન હરિભાઇ વૈષ્ણવની અજમાયશી મામલતદાર તરીકેની સેવા સમાપ્ત કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ. શ્રી વૈષ્ણવ દ્વારા ઉક્ત હુકમ વિરુધ્ધ નામ. ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ. નં. ૭૦૪૭/૨૦૧૯ દાખલ કરવામાં આવતાં, નામ. હાઈકોર્ટ દ્વારા તા.૦૪.૦૪.૨૦૨૨ ના ચુકાદાથી નીચે મુજબની વિગતે શ્રી વૈષ્ણવને સેવામાં પુન:સ્થાપિત કરવા હુકમ કરેલ છે.

**"(19) In view of the aforesaid position of law, it is categorically in the facts of the case held that the period of probation was over and the petitioner in accordance with the provisions of Rule 10(A) of the Rules ought to be treated as deemed confirmed and therefore the order of termination dated 2.3.2019 is held to be bad.**

**(20) Accordingly, the order dated 2nd March, 2019 is hereby quashed and set aside. The respondents are directed to reinstate the petitioner in service forthwith on the post on which he was working prior to the order of termination. The petitioner is deemed to have continued in service and shall be entitled to all consequential benefits. The respondents are directed to reinstate the petitioner and give all consequential benefits within a period of three months from the date of receipt of copy of this CAV Judgment.**

(21) The petition is allowed in above terms. Rule is made absolute to the aforesaid extent. Direct Service is permitted. No order as to costs."

૨. નામ. ગુજરાત હાઈકોર્ટના તા.૦૪.૦૪.૨૦૨૨ના ઉક્ત ચુકાદા સામે સરકારપક્ષે દાખલ કરવામાં આવેલ LPA No. 1517/2022 માં નામ. હાઈકોર્ટના તા.૦૪.૦૪.૨૦૨૨ના ચુકાદાને યોગ્ય ગણાવી અપીલ ડીસમીસ કરેલ છે.

**"6.8 In the aforesaid facts and circumstances and for the reasons stated, the learned Single Judge has rightly applied the proposition of law to set aside the impugned order allowing the petition. No interference is called for in the Letters Patent Appeal in the Judgement and order of the learned Single Judge, which is eminently just, proper and legal.**

**7. This Letters Patent Appeal is dismissed.**

**Civil Application would not survive in view of the disposal of the main appeal itself.**

શ્રી ચિંતન વૈષ્ણવ દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટના ઉક્ત ચુકાદાનો અમલ કરાવવા સારૂ નામ. ગુજરાત હાઈકોર્ટમાં MISC. CIVIL APPLICATION (FOR CONTEMPT) NO. 975 OF 2023 in LPA 1517/2022 દાખલ કરેલ છે. જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચે મુજબ સૂચના આપેલ છે.

**"Notice returnable on 10.07.2023. Meanwhile, the respondents are directed to comply with the directions issued by this Court and accordingly, reinstate the petitioner."**

આમ, ઉક્ત વિગતે કેસની પરિસ્થિતિ ધ્યાને લેતાં નામ. ગુજરાત હાઈકોર્ટની સૂચના મુજબ શ્રી વૈષ્ણવને મામલતદાર સંવર્ગની સેવામાં પુન:સ્થાપિત કરવાના થાય છે.

**<u>હુકમ:</u>**

મહેસૂલ વિભાગનો તા.૦૨.૦૩.૨૦૧૯નો હુકમ ક્રમાંક:એપીટી-૧૨૨૦૧૧-૭૬૫(૪૯)-ડી આથી રદ કરવામાં આવે છે તથા શ્રી ચિંતન હરિભાઈ વૈષ્ણવને મામલતદાર સંવર્ગની સરકારી સેવામાં પુન:સ્થાપિત કરવા હુકમ કરવામાં આવે છે. શ્રી વૈષ્ણવને હુકમ મળ્યા તારીખથી દિન-૭ (સાત) માં મહેસૂલ વિભાગ ખાતે હાજર થવાનું રહેશે.

શ્રી વૈષ્ણવનો અજમાયશી સમય તા.૦૯.૦૫.૨૦૧૩, કચેરી સમય બાદથી સમાપ્ત કરી તેમને લાંબાગાળાના ધોરણે નિમણૂંક આપવામાં આવે છે. શ્રી વૈષ્ણવને તા.૦૨.૦૩.૨૦૧૯ થી તેઓ આ હુકમ અન્વયે હાજર થાય ત્યાં સુધીની તેમની સેવાઓ સળંગ ગણી ઉક્ત સમયગાળા દરમ્યાન મળવાપાત્ર થતા લાભો (પગાર-ભથ્થાં) ની ચૂકવણી કરવામાં આવશે.

શ્રી વૈષ્ણવે વર્ષ ૨૦૧૫-૧૬, વર્ષ ૨૦૧૬-૧૭, વર્ષ ૨૦૧૭-૧૮ તથા તા.૦૧.૦૪.૨૦૧૮ થી તા.૦૨.૦૩.૨૦૧૯ સુધીના સમયગાળાના કામગીરી મૂલ્યાંકન અહેવાલના સ્વ-મૂલ્યાંકન ભરી મોકલી આપવાના રહેશે. જેથી તેઓને બઢતી આપવા અંગે વિચારણા હાથ ધરી શકાય.

આ હુકમ નામ. ગુજરાત હાઈકોર્ટના LPA NO. 1517/2022 તા.૨૯.૦૪.૨૦૨૩ ના ચુકાદા સામે ભવિષ્યમાં નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થનાર એસએલપીમાં આવનાર ચુકાદાને આધિન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સચિન પટવર્ધન)
નાયબ સચિવશ્રી(સેવા)
મહેસૂલ વિભાગ

પ્રતિ,
શ્રી ચિંતન હરિભાઇ વૈષ્ણવ,
'ધ્વનિત', ૪/એ ગ્રીન પાર્ક સોસાયટી,
નોબલ સ્કુલની નજીક, જુનાગઢ

નકલ રવાના:

(૧) અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૨) અંગત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) સેક્શન અધિકારીશ્રી, (ડી.૧ , ડી.૨) શાખા તરફ જાણ તથા જરુરી અમલવારી સારૂ.
(૬) સિલેક્ટ ફાઇલ